# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૯-૦૧-૨૦૨૨

જાણીતા ગાંધીવાદી, ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણજ્યોત જગાડનાર પીઢ કોંગ્રેસ આગેવાન કે જેઓએ નવ વર્ષ સુધી પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતિના નેતૃત્વ કરનાર, સેવાદળના તાલીમબદ્ધ આગેવાનશ્રી માલજીભાઈ દેસાઈને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રખર ગાંધીવાદી શ્રી માલજીભાઈને પદ્મશ્રી સન્માન એ જાહેર જીવનમાં ગાંધી મૂલ્યોનું સન્માન છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ તા. ૩૦-૦૧-૨૦૨૨ રવિવારના રોજ પાટણ જિલ્લાનાં ઝીલિયા ખાતે શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લઈ પ્રખર ગાંધીવાદી શ્રી માલજીભાઈ દેસાઈનું વિશેષ સન્માનિત કરશે.

ઝીલિયા શૈક્ષણિક સંસ્થા ખાતે ગુજરાત કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય સર્વેશ્રી ડૉ. કિરીટભાઈ પટેલ, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી રઘુભાઈ દેસાઈ, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભરત ઠાકોર, શ્રી ગેનીબેન ઠાકોર, શ્રી ગુલાબસિંહ રાજપુત, શ્રી નાથાભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી શીવાભાઈ ભુરીયા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, શ્રી સુરેશભાઈ પટેલ, સેવાદળના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી લાલજીભાઈ દેસાઈ સહિત કોંગ્રેસ પક્ષના આગેવાનો હાજર રહેશે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા